# કોમર્સ કોલેજ વલસાડના એન.એસ.એસ. યુનિટનો વાર્ષિક શિબિરનો ઉદ્ઘાટન સમારંભ ભૈરવી ગામ ખાતે યોજાયો.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ વાર્ષિક શિબિરમાં તા. ૮/૩/૨૦૨૨ના રોજ ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. આ વાર્ષિક શિબિર તા. ૭/૩/૨૦૨૨ થી ૧૩/૩/૨૦૨૨ના સમયગાળામાં યોજાયો. આ ઉદ્ઘાટન કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઇ અને લક્ષ્યગીતનું ગાન એન.એસ.એસ.સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે કોલેજના આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર એન.રાણાએ ઉત્સાહ, પ્રેરણા, નેતાગીરીના પાઠ, સ્વયંશિસ્ત જેવા ઉમદા ગુણો વિકસાવવાની તાલીમ અપાશે તેવું તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડયું હતું. ઉપરાંત કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે શ્રી નૂતન કેળવણી મંડળના સેક્રેટરીશ્રી કિર્તીભાઇ દેસાઇએ આજના આ મહિલા દિનના અનુસંધાનમાં નાધંઇ ગામના સરપંચ શ્રીમતી મુન્નાબેન પટેલ તેમજ ભૈરવી ગામના સરપંચ શ્રીમતી સુનિતાબેન પટેલ તેમજ એન.એસ.એસ. સ્વયંસેવિકા બહેનોના સંદર્ભે આજની નારીઓ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરશે તેમજ પોતાની કારકિર્દીનું નિર્માણ કરી શકશે. તેવી ભાવના સેવી હતી. ઉદ્ઘાટન કાર્યક્રમમાં ભૈરવી ગામના સરપંચ શ્રીમતી સુનિતાબેન પટેલ તેમજ દુધ મંડળીના મંત્રીશ્રી રાજેશભાઇ પટેલ તેમજ નાંધઇ ગામના સરપંચ શ્રીમતી મુન્નાબેન પટેલ અને સામાજિક કાર્યકર શ્રી રાજેશભાઇ પટેલ તેમજ ગ્રામજનો પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વાગત પરિચય પ્રા. આર.જી.પવાર દ્વારા અપાયો હતો. એન.એસ.એસ.ની માહિતી પ્રા.એમ.જી.પટેલ દ્વારા અને કાર્યક્રમની આભારવિધિ ડૉ. મિનાક્ષી જરીવાલા દ્વારા કરાઇ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સિનિયર સ્વયંસેવકો પૈકી કુ. મોક્ષા શાહ અને શ્રી રોનક માવ દ્વારા થયું હતું.

આ કાર્યક્રમમાં વ્યવસ્થા ગોઠવવાની કામગીરી એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. આર.જી.પવાર, પ્રા. એમ.જી.પટેલ, ડૉ. એમ.એમ. જરીવાલા અને પ્રા.ચિરાગ રાણાએ કરી હતી.


SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
NOT "ME" BUT "YOU"


SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
NOT "ME" BUT "YOU"
N.H.C.C




SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD

# વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "ટાઈમ મેનેજમેન્ટ" વિષય પર યોજાયેલ વ્યાખ્યાન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિરમાં તા. ૮/૩/૨૦૨૨ના રોજ 'ટાઈમ મેનેજમેન્ટ' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. વિનોદભાઇ પટેલ કે જેઓ સિન્ડિકેટ મેમ્બર તથા DBIM, VNSGU, સુરત ખાતે કાર્યરત છે તે પધારેલ હતા. આ વિષયના સંદર્ભમાં તેઓશ્રી એ સમયનું મહત્વ સમજાવીને સમયનો સદ્ઉપયોગ તથા સમયનું સંચાલન કરવાથી માણસની કિંમત વધે છે તથા ૨૫ વર્ષની મહેનત તેને પાછળની જિંદગીમાં શાંતિનો અનુભવ કરાવી શકશે. ઉપરાંત તેમને પોતાની વાતોના સંદર્ભમાં ચીનમાં અને જાપાનમાં થતા સમય સંચાલનની પ્રંશસા કરીને આપણા દેશમાં હજુ સમય સૂચકતાની વધુ જાગ્રુતતાની આવશ્યકતા અંગેની અગમચેતી દર્શાવી હતી. તેમણે તેમની વાતોમાં ગુજરાતી કહેવત "જો સવારે નિશ્ચિત કરેલા સમયે તમે તમારી પથારી નહી છોડો તો જાતે જ તમે તમારી પથારી ફેરવી નાખશો" આ વાત રજૂ કરીને શિબિરાર્થીઓએ પણ સમયનું યોગ્ય સંચાલન કરીને આરોગ્ય સાચવીને ઘરના માણસોની સેવા કરવાની સલાહ આપી હતી. આજના મુખ્ય વકતા તેમની ધર્મપત્ની સાથે હાજર રહ્યા હતા. વકતાનું પુસ્તકથી સન્માન પ્રા. આર.જી.પવાર દ્વારા તથા તેમના ધર્મપત્નીનું સન્માન ડૉ. એમ.એમ.જરીવાલા દ્વારા કરવામાં આવ્યું હતું. વ્યવસ્થાપન પ્રા. આર.જી.પવાર, પ્રા. એમ.જી.પ
ટેલ, ડૉ. એમ.એમ.જરીવાલા તથા પ્રા. ચિરાગ રાણાએ કર્યુ હતું.







## વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં પેમ્ફલેટ વિતરણ અને ગ્રામજનોનો સર્વે કાર્યક્રમ યોજાયો.

શાહ એન.એચ.કોમર્સ કોલેજના વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ વાર્ષિક શિબિરમાં તા. ૮/૩/૨૦૨૨ના રોજ એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા ગામનો સર્વે કરવામાં આવ્યો હતો જેમાં ગામના કુટુંબો પાસેથી સામાન્ય માહિતી જેવી કે કુટુંબના સદસ્યોની સંખ્યા, વ્યવસાય, શિક્ષણ, બાળકોનો અભ્યાસ, રહેઠાણ, પીવાનું પાણી, કોરોનાની કુટુંબના સદસ્યો પર અસર વેકસીનેશનના ડોઝની માહિતી, કોરોનાનો બચાવ અંગેની કાળજીઓ તેમજ કોરોના જાગૃતિ અભિયાન અંતગર્ત ઘણી બધી માહિતીઓ પ્રાપ્ત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમની સાથોસાથ કેમ્પ દરમિયાન યોજાનારા કેમ્પોની માહિતી દર્શાવતું પેમ્ફલેટ અંગેનું વિતરણ પણ ગ્રામજનોના ઘરોમાં સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ પ્રા.આર.જી.પવાર, પ્રા. એમ.જી.પટેલ, ડૉ.મિનાક્ષી જરીવાલા, તથા પ્રા.ચિરાગ રાણાએ કર્યુ હતું.









## વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "ઈફેકટ ઓફ કોરોના એન્ડ હેલ્થકેર" વિષય પર યોજાયેલ વ્યાખ્યાન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિરમાં તા.૯/૩/૨૦૨૨ના રોજ "ઈફેકટ ઓફ કોરોના એન્ડ હેલ્થકેર" વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું જેમાં મુખ્ય વકતા તરીકે ર્ડા. ચિન્ટુભાઇ ચૌધરી કે જેઓ વલસાડની GMERS, સિવિલ હોસ્પિટલના ર્ડાકટર તરીકે કાર્યરત છે તે પધારેલ હતા. આ વિષયના અનુસંધાનમાં તેઓશ્રીએ Covid-19ની પરિસ્થિતિની સમીક્ષા તરીકે આખી દુનિયામાં જે વાઇરસે હાહાકાર મચાવ્યો હતો. અને જેને Pandemic જાહરે કરવામાં આવ્યો તેની વિગતે સમજૂતી આપવાની સાથોસાથ આંકડાકીય માહિતીની સમીક્ષા, લોકડાઉન પ્રથમ, દ્વિતીય વેવ વચ્ચેનું અંતર, ડેલ્ટા વાઇરસ તેમજ ડ્રોપલેડ ઇન્ફેકશનનો ફેલાવો કયા દર્દીઓને સૌથી વધુ જોખમ રહેશે તેની માહિતી, કોવિડ-૧૯થી બચવા લેવાની કાળજીઓ અને "Prevention is better than cure" નું મહત્વ સમજાવ્યું હતું. આપણા દેશની તંત્રવ્યવસ્થા તેમની આરોગ્યની કાળજીની ચર્ચાની સાથોસાથ કોરોનાની લોકોની માનસિક પરિસ્થિતિ ઉપર અસર તથા નાનાં બાળકો તથા દેશની શિક્ષણ વ્યવસ્થા પર થયેલ અસરો વિશે પણ ગહનચર્ચા કરેલ હતી. આ કાર્યક્રમના મુખ્ય વકતાનું પુસ્તકથી સન્માન પ્રા. આર.જી.પવાર દ્વારા તથા સંચાલન કુ.રાશિ બલસારા અને આભારવિધિ શ્રી યશ પરમાર દ્વારા આટોપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરો પ્રા. આર.જી.પવાર, પ્રા.એમ.જી.પટેલ, ર્ડા. મિનાક્ષી જરીવાલા તથા પ્રા.ચિરાગ રાણાએ કરી હતી.


SHAH N. H. COMMERCE
Managed By : Shri Nootan Kelvani Mandal, Valsad.
NATIONAL SERVICE SCHEME
"ME" BUT
PATEL


SHAH N. H. COMMERCE COLLEGE



# વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "કન્ટ્રીબ્યુશન ઓફ યુથ ઇન સોશિયલ ડેવલપમેન્ટ" વિષય પર યોજાયેલ વ્યાખ્યાન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિર તા. ૯/૩/૨૦૨૨ ના રોજ કન્ટ્રીબ્યુશન ઓફ યુથ ઇન સોશિયલ ડેવલપમેન્ટ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી દિપેશ શાહ કે જેઓ રોટરી કલબ ઓફ વલસાડના પ્રેસિડન્ટ તરીકે કાર્યરત છે તે પધારેલ હતા. આ વિષયના અનુસંધાનમાં તેઓશ્રીએ સમાજમાં જાગૃતિ લાવવાની વાત અને સામાજિક જવાબદારી નિભાવવા માટે લેવાના અમુક પગલાનાં ભાગ સ્વરૂપે ટીમકાર્ય, સ્વભાવના અને સ્વવિકાસ માટે આત્મવિશ્વાસ, એકતાની તાકાત, આગળ વધતા અન્યની સતત મદદ, અન્યને કાર્યમાં સહકાર આપવો, સંગઠનશકિત અને વ્યકિગત સ્વાર્થને બદલે સામાજિક ભાવ અનિવાર્ય જેવા અગત્યના પતિવર્તનો યુવાનોએ પોતાના વર્તનમાં લાવવા આવશ્યક છે. તેવી સમગ્ર વાતોને ખૂબ જ વ્યવહારિક ઉદાહરણો, પ્રયોગો અને પ્રાયોગિક કાર્યો, રમતો રમાડીને એન.એસ.એસ. સ્વયંસેવકો પાસેથી કરાવીને જ સમજાવ્યા હતા. જે સમગ્ર ગહન વાતને ખૂબ જ રમૂજમાં અને સહજતાથી સમજાવી શકયા હતા. કાર્યક્રમના મુખ્ય વકતાનું પુસ્તકથી સન્માન પ્રા. આર.જી.પવાર દ્વારા અને સંચાલન શ્રી દિશાંત એસ. પટેલે અને આભારવિધિ કુ.મૃણમયી પટેલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરો પ્રો. આર.જી.પવાર, પ્રો. એમ.જી.પટેલ, ડૉ.મિનાક્ષી જરીવાલા અને પ્રા. ચિરાગ રાણાએ ગોઠવી હતી.






SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
Managed By : Shri Nootan Kelvani Mandal, Valsad.
NATIONAL SERVICE SCHEME

SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
Unity is the secret of social progress,
& service to society is the means to promote it...
NOT "ME" BUT "YOU"

# વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં “સાયબર ક્રાઇમ” વિષય પર યોજાયેલ વ્યાખ્યાન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ વાર્ષિક શિબિરમાં તા. ૯/૩/૨૦૨૨ના રોજ ‘સાયબર ક્રાઇમ’ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી આભાસ સિંઘ કે જેઓ ઇન્ડિયન ઓવરસીસના ડાયરેકટર તરીકે કાર્યરત છે તે પધારેલ હતા. આ વિષયના અનુસંધાનમાં તેઓ શ્રીએ સાયબર ક્રાઇમ વિશે જણાવ્યું કે આજના યુગમાં ટેકનોલોજીએ જેટલી પ્રગતિ કરી છે તેટલા જ પ્રમાણમાં સાયબરક્રાઇમનું પ્રમાણ વધેલ છે જેમાં તેમને પોતાની વાતના સમર્થનમાં ઉદાહરણ સ્વરૂપે કોઇ એકના મોબાઇલથી બીજાનાં નંબર પર કોલિંગ, છોકરો વાત કરે તો સામે છોકરીનો અવાજ પહોંચે, ખોટા આઇડીનું નિર્માણ કરવું, અન્યને લાગણીની રમતમાં ભેળવવા, Facebook, whatsapp, Instagram અન્ય જેવી એપોમાં પોતાની વ્યકિગત માહિતી દર્શાવેલી હોય તો તેનો દૂરઉપયોગ જેવી વાતો ઉદાહરણ સાથે સમજાવી હતી. તેમણે સાયબરક્રાઇમ માટે પોલીસમાં ફરિયાદને બદલે Cyber crime. Gov.in પર ફરિયાદ રજિસ્ટર કરવાથી તે સીધી અમદાવાદ ખાતે ફરિયાદ નોંધણી જયાંથી જે તે પોલીસ ખાતે જાણ થાય જેથી ઝડપથી ફરિયાદનો નિકાલ થઇ શકે. અહીં આવા સાયબરક્રાઇમથી બચવા માટે લેવાની કાળજીઓની વિગતવાર સમજણ અપાઇ હતી. કાર્યક્રમના મુખ્ય વકતાનું પુસ્તકથી સન્માન પ્રા. એમ.જી.પટેલ દ્વારા તથા સંચાલન શ્રી આફતાબ આઇ શેખે અને આભારવિધિ કુ નિરજા દેસાઇ દ્વારા આટોપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા.આર.જી.પવાર, પ્રા. એમ.જી.પટેલ, ડાં. મિનાક્ષી જરીવાલા તથા પ્રા.ચિરાગ રાણાએ કરી હતી.





# વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "ડેન્ટલ કેમ્પ" યોજાયો

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ વાર્ષિક શિબિરમાં તા.૯/૩/૨૦૨૨ના રોજ સવારે એક ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જે કેમ્પ આચાર્યશ્રીની પ્રેરણાથી તેમજ ટ્રાયમ ફાઉન્ડેશન વલસાડ અને લોટસ ડેન્ટલ હોસ્પિટલ, વલસાડના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ હતો. આ કેમ્પની સફળતા માટે પૂર્વતૈયારીના ભાગરૂપે અગાઉના દિવસે જ કેમ્પની માહિતી દર્શાવતું પેમ્ફલેટ ગામમાં વિતરિત કરવામાં આવ્યું હતું. જે તે કેમ્પના સમયગાળા દરમિયાન ગ્રામજનોએ કેમ્પના સ્થળે મોટી સંખ્યામાં મુલાકાત લઇને જે તે ડોકટરોને પોતાની ડેન્ટલ તકલીફને દૂર કરવા માટે લાભ લીધો હતો. આ કેમ્પમાં ર્ડાકટરોની ટીમમાં ર્ડા. રિદ્ધિ સુદાની, ર્ડા. રિતુ ભગત, ર્ડા. નિરાલી પટેલ અને ર્ડા. હિનલ પટેલ તેમજ તેમની ટીમના આસિસટન્ટ નેહાલી ટી પટેલ અને ખુશ્બુ વી. વૈદ્યે લાભ આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થામાં એન.એસ.એસ સ્વયંસેવકોમાં આર્યન વળવી, યસ મ્યાનગર, રાજશેખર પાઠક, દેવાંશી દિવાનજી, ઇશા દિવાનજી, શૈલી વર્મા, ફિઝા કુરેશી, આદિલ શેખે ભૂમિકા ખૂબ જ સરસ રીતે ભજવી હતી. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ.પ્રોગામ ઓફિસરો પ્રો. આર.જી.પવાર, પ્રો.એમ.જી.પટેલ, ર્ડા. એમ.એમ.જરીવાલા અને પ્રો. ચિરાગ રાણાએ કામગીરી કરી હતી.










યુનિવર્સિટી, સુરત
કોલેજ, વલસાડ
( N.S.S.- યુનિટ)

# વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "આદર્શ નેતૃત્વ" વિષય પર યોજાયેલ વ્યાખ્યાન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિર તા. ૧૦/૩/૨૦૨૨ ના રોજ "આદર્શ નેતૃત્વ" વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી સ્નેહલ દેસાઇ કે જેઓ ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે કાર્યરત છે તે પધારેલ હતા આ વિષયના અનુસંધાનમાં તેઓશ્રીએ આદર્શ નેતૃત્વના ગુણો જેવાં કે ચારિત્ર્ય, આધ્યાત્મિકતા, વાચન, જવાબદારીની ભાવના, વ્યકિતત્વનો વિકાસ, વફાદારીનું વર્ણન ઉદાહરણ સાથે કર્યું હતું. હકારાત્મક અભિગમનો વિકાસ કરવા હંમેશા સારા કર્મો કરતાં રહેવું. પોતાની જાતને એવા બનાવવા જેનાથી સામે પક્ષના માણસો ઇજ્જત, આદર, સ્નેહપ્રેમ રાખે પણ તે ડરને કારણે નહી. નિસ્વાર્થપણુ એ સૌથી અગત્યનો નેતૃત્વનો ગુણ દર્શાવ્યો.

આ કાર્યક્રમના મુખ્ય વકતાનું પુસ્તકથી સન્માન પ્રો. ચિરાગ રાણા દ્વારા અને સંચાલન શ્રી શંકર મન્વાનીએ અને આભારવિધિ કુ. અંજલિ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. આર.જી.પવાર, પ્રા. એમ.જી.પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા અને પ્રા.ચિરાગ રાણાએ ગોઠવી હતી.






**વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "કોરોના-ઈફેકટ ઓન સોસાયટી" વિષય પર યોજાયેલ વ્યાખ્યાન**

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિર તા. ૧૦/૩/૨૦૨૨ના રોજ 'કોરોના- ઈફેકટ ઓન સોસાયટી' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે પ્રા.કે.સી.પટેલ કે જેઓ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના એકાઉન્ટન્સીના પ્રોફેસર તરીકે કાર્યરત છે તે પધારેલ હતા. આ વિષયના અનુસંધાનમાં તેઓશ્રીએ પોતાની આગવી શૈલી તેમજ કવિતાઓના પઠનની સાથોસાથ કોરોનાની સારી નરસી બંને પ્રકારની અસરોને સમજાવી હતી. લોકડાઉનનો સમયગાળો અને વ્યકિતની અંદરની કલ્પનાશકિત અને સર્જનાત્મકશકિતનો વિકાસનો મેળ બેસાડીને સમજાવ્યું હતું. કોરોનાની દુનિયાની અન્ય દેશો પર અસરો, કોરોનામાં લેવાની કાળજીઓ, મોબાઇલની ઉપયોગિતા જેમાં ખાસ કરીને શિક્ષણમાં ઓનલાઇનની સગવડો આ તમામ મુદ્દાઓ ઉદાહરણપૂર્વક સમજાવેલ હતા.

આ કાર્યક્રમના મુખ્ય વકતાનું પુસ્તકથી સન્માન ડૉ.મિનાક્ષી જરીવાલા દ્વારા અને સંચાલન કુ.દિક્ષિતા પટેલે અને શ્રી જય પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રો. આર.જી.પવાર, પ્રા. એમ.જી.પટેલ ડૉ. મિનાક્ષી જરીવાલા, અને પ્રા. ચિરાગ રાણાએ ગોઠવી હતી.





# વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "આદર્શ ખેતી" વિષય પર યોજાયેલ વ્યાખ્યાન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિર તા. ૧૦/૩/૨૦૨૨ના રોજ "આદર્શ ખેતી" વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. મુખ્ય વકતા તરીકેની શ્રી પ્રતીકભાઇ પટેલ જે જેઓ વલસાડના એગ્રીકલ્ચરના આસિસટન્ટ ડિરેકટર તરીકે કાર્યરત છે જે પધારેલ હતા. આ વિપયના અનુસંધાનમાં તેઓશ્રીએ આદર્શ ખેતી અને તેનું મહત્ત્વ સમજાવતા કોઈને પણ નુકશાન ન થાય તે ખેતી પ્રાકૃતિક ખેતી ગણવામાં  આવે છે જેમાં પ્રાકૃતિક ખેતીની આવશ્યકતાના ભાગરૂપે જમીનની ફળદ્રુપતા, દવા, રસાયણો માવજત, કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવાની અનિવાર્યતા જણાવી તેમણે સમગ્ર પ્રાકૃતિક ખેતીમાં છાણિયું ખાતર કેટલું અગત્યનું છે તે સમજાવ્યું હતું. જેમાં દેશી ગાયના છાણ સવિશેષ ઉપયોગી બની શકશે અને એક ગાયના છાણમાંથી ૩૦ એકર ખેતી કરી શકાશે.

આ કૃષિના મહત્ત્વની સાથોસાથ બિયારણ અને તેનો ઉપયોગ, ફાયદા સમજાવવા શેરડીની  ખેતીનું ઉદાહરણ પૂરું પાડયું હતું. આ કાર્યક્રમના મુખ્ય વકતાનું પુસ્તકથી સન્માન કુ. કશિષ સોલંકી અને આભારવિધિ  કુ. નઝિમ ખાન દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. આર.જી.પવાર,પ્રા.એમ.જી.પટેલ ર્ડા. મિનાક્ષી જરીવાલા, અને ચિરાગ રાણાએ ગોઠવી હતી.







SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD


PROF. R.G. PAWAR


H. COMMERCE COLLEGE, VALSAD
Shri Nootan Kelvani Mandal, Valsad.
NATIONAL SERVICE SCHEME
the secret of social progress,
society is the means to promote it...
"ME" BUT "YOU"
OFFICER
PRINCIPAL

## વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "આંખની તપાસ અને મફત ચશ્મા વિતરણ" કેમ્પ યોજાયો.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ વાર્ષિક શિબિરમાં તા. ૧૦/૩/૨૦૨૨ના રોજ સવારે આંખની તપાસ અને મફત ચશ્મા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જે કેમ્પ આચાર્યશ્રીની પ્રેરણાથી તેમજ લાયન્સ કલબ, અમલસાડના ઉપક્રમે યોજવામાં આવેલ હતો. આ કેમ્પની સફળતા માટે પૂર્વતૈયારીના ભાગરૂપે અગાઉના દિવસે જ કેમ્પની માહિતી દર્શાવતું પેમ્ફલેટ ગામમાં વિતરિત કરવામાં આવ્યું હતું. જે તે કેમ્પના સમયગાળામાં ગ્રામજનોએ કેમ્પના સ્થળે મોટી સંખ્યામાં મુલાકાત લઇને જે તે ડૉકટરને પોતાની આંખની તપાસ કરાવીને કોઇ તકલીફ હોય તો દૂર કરવા માટે લાભ લીધો હતો અને દર્દીની તપાસીને મફત ચશ્માવિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પ માટેની વ્યવસ્થા કોલેજના સિનિયર અધ્યાપક પ્રો. કે.આર.ભાવસાર દ્વારા થઇ હતી કે જેઓ લાયન્સ કલબ સાથે જોડાયેલ છે. આ કેમ્પના ડૉકટરોની ટીમમાં મુખ્ય ડૉ. વિનોદભાઇ પટેલ તેમજ લાયન્સ કલબના મુખ્ય આસિસટન્ટ ઝુબેરભાઇ મેમન, લાયન પંકજભાઇ નાયક, લાયન ભાવિનભાઇ નાયક, લાયન ઠાકુરભાઇ નાયક અને લાયન કૌશિક ભાવસારે લાભ આપ્યો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ તરફથી જાહેરાત થઇ હતી કે જેમને મોતિયાની સમસ્યા હશે તેમને મફત ઓપરેશનની સહાય પણ અપાશે. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થામાં એન.એસ.એસ સ્વયંસેવકોમાં રાજશેખર પાઠક, યશ મ્યાનગર, આદિલ શેખ, આર્યન વળવી, શૈલી વર્મા, દેવાંશી દિવાનજી, ઇશા દિવાનજી, પીનલ પટેલ, પિંજલ પટેલ, ફિઝા કુરેશી, અને વિશાખા ઘુમડીયાએ ખૂબ જ કાર્યક્ષમતાથી સરસ ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય મહેમાનો દ્વારા થયું જયારે કાર્યક્રમનું સંચાલન શ્રી રાજશેખર પાઠક. કુ. નિયતિ ભટ્ટે કર્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રો. આર.જી.પવાર, પ્રા.એમ.જી.પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા અને ચિરાગ રાણાએ કામગીરી કરી હતી. આ કેમ્પમાં કુલ ૨૧૫ દર્દીઓની તપાસ થઇ અને ૧૮૬ ચશ્માનું વિતરણ થયેલ છે તે ઉપરાંત ૪૩ જેટલાં મોતિયાના ઓપરેશનની સગવડ પણ અપાશે. આ સમગ્ર કાર્યક્રમમાં એન.એસ.એસ. સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસરોશ્રીઓએ ખૂબ જ નિષ્ઠાથી કામગીરી કરી હતી.


SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
National Service
Scheme






લાયન્સ ક્લબ ઓફ અમલસાડ દ્વારા
આયોજીત
આંખની તપાસ તેમજ ચશ્મા મફત
વિત્તરણ કેમ્પ
તારીખ. ૧૦-૦૩-૨૦૨૨ ને ગુરૂવાર
સ્થળ :- શ્રી આશારામ આશ્રમ, ભૈરવી, તાલુકા ખેરગામ, ગુજરાત-૩૯૬૦૪૦


LIONS CLUB
LIONS
INTERNATIONAL
AMALSAD







## વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "સાંસ્કૃતિક કાર્યક્રમ" યોજાયો.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ.વાર્ષિક શિબિરમાં તા. ૧૧/૩/૨૦૨૨ના રોજ શિબિરાર્થીઓએ નાટક, એકપાત્રીય અભિનય, ભજન, દેશભકિતગીત, લોકગીત, ડાન્સ, ગરબા જેવા અનેક રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનો રસાસ્વાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોને કરાવવામાં આવ્યો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જુદા જુદા વિષયોમાં ભારતીય સંસ્કૃતિની પરંપરા, લોકગીત, દેશદાઝ અને જવાનોને શ્રધ્ધાંજલિ જેવા વિષયોને ન્યાય આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં એન.એસ.એસ સ્વયંસેવકો પૈકી કુ. પીનલ પટેલ, કુ. દિશા દિવાનજી, કુ. ફિઝા કુરેશી, કુ.પીનલ પટેલ, કુ. આરતી નાયકા, શ્રી અક્ષય ભોયા, શ્રી દિક્ષિત પટેલ, કુ. સલોની બોરસા, કુ. શિવાની પટેલ, કુ. દિયા રાઠોડ, કુ. કશિષ સોલંકી, કુ. સલોની, કુ. પ્રિયા રાઠોડ, શ્રી અક્ષસ ભોયા, કુ. ધ્રુવી પટેલ, શ્રી યસ પરમાર, કુ. ચાંદની મિસ્ત્રી, કુ. પ્રથા દેસાઇ, શ્રી ભૂમિન પટેલ, કુ. દેવાંશી પટેલે પોતપોતાની કૃતિઓમાં ખૂબ જ સુંદર રજૂઆત કરી હરી.

કાર્યક્રમનું સંચાલન કુ. મોક્ષા શાહ દ્વારા થયું હતું. અને ગ્રામજનો રાષ્ટ્રગીતના ગાનમાં જોડાયા હતા. પ્રોગ્રામ ઓફિસરો પ્રો. આર.જી.પવાર, પ્રો. એમ.જી.પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા, પ્રો. ચિરાગ રાણાએ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા ગોઠવી હતી.








## વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "યોગા અને મેડીટેશન વિષય પર યોજાયેલ" વ્યાખ્યાન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિર તા. ૧૧/૩/૨૦૨૨ના રોજ યોગા અને મેડીટેશન વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રીમતી પ્રીતીબેન પાંડે કે જેઓ જિલ્લા કક્ષાના યોગાના કો. ઓર્ડિનેટર તરીકે કાર્યરત છે તે પધારેલ હતા. આ વિષયના અનુસંધાનમાં તેઓશ્રીએ પોતાના વિચારોની રજૂઆત ૐના ઉચ્ચારણ, પ્રાર્થનાથી શુભ શરૂઆત અને સંગઠનમંત્રથી રજૂઆત કરી હતી. ત્યારબાદ મહર્ષિ પતંજલિ માટે પ્રાર્થના પણ કરી જેમાં યોગા અને મેડીટેશનને વિગતે સમજાવતા અષ્ટાંગ યોગ, કપાલભારતી, પ્રાણાયમ, કોષોની માહિતી જુદાજુદા આસનોની સમજૂતી ઉદાહરણસહિત આપી હતી..

તેમણે પોતાની વાતને વિગતે સમજાવતા હાસ્યાસન જેમાં પણ હનુમાન હાસ્ય, કૃષ્ણ હાસ્ય, રાક્ષસહાસ્ય, પાગલ હાસ્ય, ઉદાહરણથી તેમજ પ્રાયોગિક રીતે સમજાવ્યા, આત્મહત્યા કરવા પાછળના કારણો, નાડીપરીક્ષણ તેમજ શરીરના ચક્રો, યોગસાધના સમજાવી ઉપરાંત દૂધ પીવાની સાચી રીત, લીંબુમધ, અડદની અનિવાર્યતા એલોવેરાના ગુણો, ગૌ મૂત્ર, ગાયનું દૂધની ઉપયોગિતા, મોસમ પ્રમાણે ફળાહારની ટેવની અનિવાર્યતા, ડ્રાયફ્રુટ ખાવાની સાચી રીત પણ સમજાવી હતી. જુદી જુદી મુદ્રાઓ, યજ્ઞ/હવનનું મહત્વ અને જુદી જુદી ચિકિત્સાઓ સમજાવી.

આ કાર્યક્રમના મુખ્ય વકતાનું પુસ્તકથી સન્માન પ્રો. આર.જી.પવાર, દ્વારા અને સંચાલન કુ.આરતી નાયકાએ તથા આભારવિધિ કુ.પ્રિયા ચૌધરીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. આર.જી.પવાર, પ્રા. એમ.જી.પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા અને પ્રા.ચિરાગ રાણાએ કરી હતી.








NATIONAL SERVICE SCHEME
the secret of social
society is the means
CHIRAG RANA

## વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં “આર્યુવેદિક કેમ્પ યોજાયો.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિરમાં તા. ૧૧/૩/૨૦૨૨ના રોજ સવારે આર્યુવેદિક કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જે કેમ્પ આર્યુવેદિક કલીનીક, તીથલરોડ, વલસાડના સૌજન્યથી યોજવામાં આવેલ હતો. આ કેમ્પની સફળતા માટે પૂર્વતૈયારીના ભાગરૂપે અગાઉના દિવસે જ કેમ્પની માહિતી દર્શાવતુ પેમ્ફલેટ ગામમાં વિતરિત કરવામાં આવ્યું હતું. જે તે કેમ્પના સમયગાળામાં ગ્રામજનોએ કેમ્પના સ્થળે મોટી સંખ્યામાં મુલાકાત લઇને જે તે ડોકટરને પોતાની તકલીફો જણાવીને તે દૂર કરવા જરૂરી ચિકિત્સા અને દવાનો લાભ લીધો હતો. આ દર્દીઓને ચકાસીને તેમને મફતમાં જ ઇલાજ અને ઘણાં પ્રકારની દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડોકટરની ટીમમાં ડૉ. સુમિત પટેલ તેમજ આસિસટન્ટમાં શ્રી સુનિલ પટેલ, કુ. ભાવના એમ. ચાંપાનેરી, કુ. અનિષા એન હળપતિ અને શ્રી મનીષ એમ. બિહારીએ લાભ આપ્યો હતો. આ કેમ્પમાં ડૉ. સુમિત પટેલનું પુસ્તકથી સન્માન પ્રો. ચિરાગ રાણાએ કર્યુ હતું.

આ કેમ્પમાં સમગ્ર વ્યવસ્થા ગોઠવવામાં એન.એસ.એસ. સ્વયંસેવકોમાં કુ. હની પટેલ, કુ. હેલી પટેલ, કુ. દેવાંશી પટેલ, શ્રી રોનક ભાનુશાલી, કુ. હર્ષિલ પટેલ, કુ. ઇશા રાઠોડ, કુ. ધ્રુવી પટેલ, કુ. પ્રથા દેસાઇ, કુ. નિરજા દેસાઇ, શ્રી આફતાબ શેખ, કુ. રાશિ બલસારાએ ખૂબ જ કાર્યક્ષમતાથી પોતાની સરસ કામગીરી બજાવી હતી. આ કાર્યક્રમમાં ગ્રામજનોનો ઉત્સાહ અનેરો હતો. જેમાં કુલ ૬૨ દર્દીઓની તપાસ થઇ હતી. આ સમગ્ર કાર્યક્રમમાં એન.એસ.એસ. સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસરો પ્રો. આર.જી.પવાર, પ્રો. એમ.જી.પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા અને પ્રો. ચિરાગ રાણાએ કામગીરી કરી હતી.


SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD






સમય :


Scheme

## વલસાડ કોમર્સ કોલેજના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "સ્વચ્છતા અભિયાન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિરમાં આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર એન.રાણાના માર્ગદર્શન હેઠળ ભૈરવી ગામના વિવિધ વિસ્તારોમાં શિબિરાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતગર્ત ૧૧/૩/૨૦૨૨ના રોજ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં સંતશ્રી આશારામ બાપુના આશ્રમના પટાંગણની સફાઇ કરી હતી. જે અંતગર્ત "ગામ જાગ્યું, સફાઇમાં લાગ્યું.", "સ્વચ્છતામાં પ્રભુતા", "મારું ગામ સ્વચ્છ ગામ" "ઘર ઘર શૌચાલય" જેવાં સુત્રોચ્ચાર કરી ગ્રામજનોને સ્વચ્છતા કાર્યમાં જોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. રેલીનું સંચાલન એન.એસ.એસ. વાર્ષિક શિબિરના બોયઝ લીડરશ્રી રોનક માવ, અને આસિસટન્ટ લીડર શ્રી કિરણ ઓઝા અને ગર્લ્સ લીડર કુ. નિયતિ ભટ્ટ અને કુ. મોક્ષા શાહના માર્ગદર્શન હેઠળ થયું હતું. સમગ્ર વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રો. આર.જી.પવાર, પ્રો. એમ.જી.પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા અને પ્રો. ચિરાગ રાણાએ સંભાળી લીધી હતી.








## વલસાડ કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "ગ્રામજનો માટે કપડાં વિતરણ"નો કાર્યક્રમ યોજાયો.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ વાર્ષિક શિબિરમાં તા. ૧૧/૩/૨૦૨૨ના રોજ ભૈરવી ગ્રામજનોમાં કપડાં વિતરણ કાર્યક્રમ થયો હતો. જેમાં અગાઉની પૂર્વયૈયારીના ભાગરૂપે શાહ એન.એચ.કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી જૂના કપડાં તથા વધારાના કપડાં એકત્રિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ કપડાંને કેમ્પમાં લાવીને ભૈરવી ગામના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના લોકો વચ્ચે રૂબરૂ તેમનાં ઘરે જઇને આ કપડાંને વિતરિત કરવામાં આવ્યા હતા. જેમાં એન.એસ.એસ. સ્વયંસેવકો પૈકી શ્રી રોનક માવ, શ્રી કિશન ભાનુશાલી, કુ. રાશિ બલસારા, શ્રી ગોપાલ ગુપ્તાએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પૈકી પ્રો. આર.જી.પવાર, એમ.જી.પટેલ, ર્ડા. મિનાક્ષી જરીવાલા, અને પ્રો. ચિરાગ રાણાએ કરી હતી.







**કોમર્સ કોલેજ વલસાડના એન.એસ.એસ. યુનિટનો વાર્ષિક શિબિરનો પૂર્ણાહુતિ સમારંભ ભૈરવી ગામ ખાતે યોજાયો.**

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ.વાર્ષિક શિબિરમાં તા. ૧૨/૩/૨૦૨૨ના રોજ પૂર્ણાહુતિ સમારંભ યોજાયો હતો. આ પૂર્ણાહુતિ સમારંભની શરૂઆત પ્રાર્થનાથી થઇ અને લક્ષ્યગીતનું ગાન એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના તમામ મહેમાનોનો આવકાર પરિચય અને મહેમાનોનું સ્વાગત એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. આર.જી.પવાર દ્વારા આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે કોલેજના આચાર્યશ્રી ર્ડા. ગિરીશકુમાર એન.રાણા હતા. ભૈરવી ગામના સરપંચ શ્રીમતી સુનિતાબેન પટેલ દ્વારા એન.એસ.એસ. કાર્યક્રમથી કોલેજના વિદ્યાર્થીઓમાં નેતાગીરીના સ્વયંશિસ્ત, સહકાર, ઉત્સાહ, સુષુપ્ત શકિતનો વિકાસ, આત્મવિશ્વાસમાં અનેરો વધારો જેવાં ઉમદા ગુણોને વિકસાવવાની તાલીમ અપાઇ જે જીવનના ઘડતરમાં ખૂબ જ ઉપયોગી સાબિત થઇ શકાશે.

આ કાર્યક્રમમાં શ્રી પૂર્વેશભાઇ કે જેઓ સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ, તાલુકા પંચાયત, ખેરગામમાં સેવા આપે છે તેમણે મહિલાઓના સન્માનની વાતો, પોતાના આગવા અનુભવો, સંસ્મરણો, જીવનમાં હીરો (રોલ મોડેલ) ભગતસિંહ અને શ્રી એ.પી.જે.અબ્દુલ કલામને ગણાવી તેમના ગુણો પણ સમજાવી સ્વયંસેવકોને માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ ઉપરાંત ભૈરવી ગામના સરપંચ શ્રીમતી સુનિતાબેન પટેલ, દૂધમંડળીના પ્રમુખશ્રી રાજેશભાઇ પટેલ, શાહ એન.એચ.કોમર્સના સ્ટાફના સભ્યોમા. પ્રો. વિજયભાઇ ચાંપાનેરી, પ્રો. ઠાકોરભાઇ પટેલ, પ્રો. એમ.એ.મુલ્લા, અને પ્રો. હેમરાજ ચૌહાણ હાજર રહ્યા હતા. તે સિવાય ગણપતભાઇ, મનિષભાઇ જેવા સામાજિક આગેવાનો પણ હાજર રહ્યા હતા. આ

કાર્યક્રમમાં ગ્રામજનોને લાભ આપવા માટે જે ત્રણ પ્રકારના કેમ્પો જેવાં ડેન્ટલ, આંખની તપાસ અને આર્યુવેદિક કેમ્પોમાં ઘણાં બધાને લાભ મળ્યો. ગ્રામજનોને દવા, ચિકિત્સા, ઓપરેશન જેવાં લાભો પ્રાપ્ત થયા તે અંગે આનંદની લાગણી શ્રીમતી હંસાબેન ટી.પટેલ દ્વારા વ્યકત થઇ હતી.

આ કાર્યક્રમમાં સમગ્ર સાત દિવસના કાર્યક્રમમાં જે કામગીરી થઇ તે અંગેનો રિપોર્ટ આ કેમ્પના જનરલ લીડર ભાઇઓમાં શ્રી રોનક માવ અને બહેનોમાં કુ. મોક્ષા શાહ દ્વારા

રિપોર્ટ રજૂ થયો હતો. તેમને કેમ્પની યાદોની વાગોળી હતી. તે ઉપરાંત  એન.એસ. કેમ્પ અંગેના અભિપ્રાયો શ્રી રાજશેખર પાઠક, શ્રી પારસ કંસારા, શ્રી કિરણ ઓઝા, શ્રી કિશન ભાનુશાલી, કુ. શૈલી શાહ, કુ. દિક્ષિતા પટેલ, કુ. નિયતિ ભટ્ટ દ્વારા રજૂ થયા હતા આ સિવાય એન.એસ.એસ. પ્રોગામ ઓફિસરો પૈકી પ્રો. એમ.જી.પટેલ, અને ડૉ. મિનાક્ષી જરીવાલાએ કેમ્પ દરમિયાનના સંસ્મરણો રજૂ કર્યા હતા અંતે  કાર્યક્રમની આભારવિધિ પ્રા. ચિરાગ રાણાએ અદા કરી હતી.

આ સમગ્ર  કાર્યક્રમનું સંચાલન કુ. શૈલી વર્મા અને શ્રી કિશન ભાનુશાલીએ ખૂબ જ આગવી શૈલીમાં રજૂઆત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ અંગેની વ્યવસ્થા અને સંપૂર્ણ માર્ગદર્શન  એન.એસ.એસ.  પ્રોગ્રામ  ઓફિસરો પ્રા. આર.જી.પવાર, પ્રા. એમ.જી.પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા અને પ્રા. ચિરાગ રાણાએ પૂરું પાડયું હતું.












SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
National Service






SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
National Service
Scheme


SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
NOT "ME" BUT "YOU"
SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
National Service
Scheme

**વલસાડ કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામ ખાતેના શિબિરમાં "આશ્રમના બાળકોને મફત ટી શર્ટ વિતરણ કાર્યક્રમ યોજાયો."**

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ભૈરવી ગામે યોજાયેલ એન.એસ.એસ. વાર્ષિક શિબિરમાં તા. ૧૨/૩/૨૦૨૨ના રોજ સંતશ્રી આસારામ બાપુના આશ્રમમાં આશ્રિત બાળકોને એન.એસ.એસના માધ્યમથી મફત ટી શર્ટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જે તે આશ્રમના ટ્રસ્ટી શ્રી ઠાકોરભાઇ ડી. પટેલ કે જેઓ જી.ઇ.બીના રિટાયર્ડ ક્લાસ વન ઓફિસર હતા તથા ગર્વનમેન્ટ ઓફ ગુજરાતના આત્મા પ્રોજેક્ટના તથા સજીવ ખેતીના વલસાડ જિલ્લાના કો. ઓર્ડિનેટર હાજર રહ્યા હતા. આ ઉપરાંત આ કાર્યક્રમમાં શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના અધ્યાપકોમાં પ્રો. વી.આર.ચાંપાનેરી, પ્રો. ટી.જી.પટેલ, પ્રો. એમ.એ મુલ્લા અને પ્રો. હેમરાજ ચૌહાણ હાજર રહ્યા હતા. આ તમામ મહેમાનોના વરદ હસ્તે આશ્રમના બાળકોને ૩૬ ટી શર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આશ્રમની સેવિકા બહેનોમાં શ્રીમતી ગીતાબેન અને અન્ય બહેનો હાજર રહી હતી. આ કાર્યક્રમમાં ટ્રસ્ટીશ્રીએ આશ્રમની પ્રવૃત્તિઓ, સંતની કામગીરી, જીવનમાં સફળતામાં શિક્ષણનું મહત્ત્વ અને પોતાની આગવી શૈલીમાં નાના બાળકો અને એન.એસ.એસ સ્વયંસેવકોને જીવનમાં સફળતાના માર્ગો દર્શાવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. સ્વયંસેવક શ્રી કિશનભાનુશાલીએ કર્યું હતું. અને સમગ્ર વ્યવસ્થા એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ પ્રો. આર.જી.પવાર, પ્રો. એમ.જી.પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા, અને પ્રો. ચિરાગ રાણાએ કરી હતી.








SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD
NOT "ME" BUT "YOU"
SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD






SHAH N. H. COMMERCE COLLEGE, VALSAD